**MACP.NO.(New).153/2020**
**MACP.NO.(Old First).231/2011**
**MACP.NO.(Old Second).933/2015**

| | |
|---|---|
| દાખલ તારીખ | :-૧૮-૦૭-૨૦૧૧ |
| રજી. લીધા તારીખ | :-૧૮-૦૭-૨૦૧૧ |
| નિકાલ તારીખ | :-૨૦-૦૪-૨૦૨૪ |
| સમયગાળો | :- વ. મા. દિ. |
| કુલ્લ | :- ૧૨ ૦૯ ૦૨ |
| **આંક** | **:-૬૦** |

**મે. શ્રી કચ્છ જિલ્લાના મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સાહેબની અદાલતમાં, મું.ભચાઉ કચ્છ**

**એમ.એ.સી.પી.(નવા)નંબર:૧૫૩/૨૦૨૦**
**એમ.એ.સી.પી.(જુના પ્રથમ)નંબર:૨૩૧/૨૦૧૧**
**એમ.એ.સી.પી.(જુના બીજા)નંબર:૯૩૩/૨૦૧૫**

**શ્રીમતી હરખીબેન પ્રેમજી બગળા**
ઉ.વ.૪૦,ધંધો-મજુરી
રહે.છાડવારા,તા.ભચાઉ,જી.કચ્છ. **...:અરજદાર**

**વિરૂઘ્ધ**

**૧. ભીખાભાઈ વાજાભાઈ કોલી(ડ્રાઈવર)**
ઉ.વ.,પુખ્ત,ધંધો-ડ્રાઈવર
રહે.છાડવારા તા.ભચાઉ-કચ્છ.
**૨.ભીખાભાઈ વાઘાભાઈ કોલી(એબેટ)**
**૨.૧ શ્રીમતી રામીબેન ભીખાભાઈ કોલી,(આંક-૨૭ તળે થયેલ હુકમ મુજબ)**
ઉ.વ.પુખ્ત,ધંધો-ઘરકામ
રહે.છાડવારા,તા.ભચાઉ-કચ્છ.
**૩. ધી યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લી.**
મારફતે તેના બ્રાન્ચ મેનેજર
દેનાબેન્કની બાજુમાં,સેકટર નં.૯
ગાંધીધામ-કચ્છ. **...:સામાવાળાઓ**

---

**બાબત:-** ધી મોટર વ્હીકલ એકટ:૧૯૮૮ની કલમ-૧૬૬ હેઠળ વળતર મળવા બાબત....

---

સમક્ષ :- શ્રી પી.ટી.પટેલ,એમ.એ.સી.ટી.(સહાયક), ભચાઉ–કચ્છ

---

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | :- | વિધ્વાન વકીલ શ્રી એફ.એચ.ખોજા |
| સામાવાળા નં.૧ તરફે | :- | વિધ્વાન વકીલ શ્રી ડી.પી.જોષી |
| સામાવાળા નં.૨ તરફે | :- | વિધ્વાન વકીલ શ્રી કે.આર.મદીચાર |
| સામાવાળા નં.૩ તરફે | :- | વિધ્વાન વકીલ શ્રી જી.પી.ખત્રી |

---

## -:: ઠરાવ ::-

૧. આ કામેના અરજદાર તરફથી મોટર વ્હીકલ એકટ -૧૯૮૮ ની કલમ ૧૬૬ અન્વયે ઈજાઓ સબબ વળતર મેળવવા હાલની અરજી દાખલ કરી જણાવેલ છે કે, આ કામના અરજદાર અકસ્માત પહેલા કડીયાકામનું મજુરીકામ કરીને માસિક રૂા.૫૦૦૦/- કમાતા હતા. તા.૧૩/૫/૨૦૧૧ ના રોજ સવારના તેઓના ઘરે ભચાઉ લગ્નના પ્રસંગ હોય અને ઘરની શાકભાજી,રાશન લેવા આવેલ અને પેસેન્જર રીક્ષામાં સામાન સાથે રામદેવપીર ચાર રસ્તા પાસે ઉતરેલ અને અને સામાન ઘણો હોય તેઓના ગામના ભીખાભાઈના છકડામાં છાડવારા જવા સામાવાળા નં.૨ ની માલિકીના છકડા નં.જી.જે.૨ એકસ ૧૯૪૦ વાળીમાં બેસી રવાના થયેલ અને આ છકડો સામાવાળા નં.૧ વાળા ચલાવતા હતા. સદરહુ સામાવાળા નં.૧ વાળાએ પોતાનુ વાહન પુરઝડપે,બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવતા છકડો પલ્ટી ખાઈ ગયેલ જેથી તેઓને છાતીના ડાબા ભાગે પાંસડીમાં તથા મોઢા ઉપર તથા શરીરના અન્ય ભાગમાં ગંભીર ઈજાઓ થયેલ અને ભચાઉની સરકારી હોસ્પિટલમા દાખલ કરેલ

અને અકસ્માત અંગેની ભચાઉ પો.સ્ટે.માં પ્રથમ જાણવાજોગ એન્ટ્રી નં.૧૭/૧૧ વાળી હોસ્પિટલમાંથી કરેલી. આમ, તા.૧૩/૫/૨૦૧૧ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યાના અરસામાં રામદેવપીર ચાર રસ્તાથી છાડવારા વાળા રોડ ઉપર આ કામના સામાવાળા નં.૧ વાળાએ પોતાના કબજાનો છકડો નં. જી.જે.૨ એકસ ૧૯૪૦ પુરઝડપે,બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી પલ્ટી ખવડાવી અકસ્માત કરેલ હોઈ તેમજ સામાવાળા નં.૨ અકસ્માતમાં સંડોવાયેલ વાહનના માલિક હોઈ તેમજ સામાવાળા નં.૩ વાળા અકસ્માતમાં સંડોવાયેલ વાહનની વિમાકંપની હોઈ, સદરહુ ત્રણેય સંયુકત અને વિભકત રીતે અરજદારને વળતર ચુકવવા જવાબદાર છે જેથી અરજદારને ઈજાઓ કરેલ તે સબબ વળતર અંગે અરજદારે રૂા. ૩,૦૦,૦૦૦/- નું નુકસાનનું વળતર ૧૨ ટકાના વ્યાજ સહીત મેળવવા હાલની અરજી કરેલ છે અને સામાવાળા નં. ૧ થી ૩ વાળાઓ વિરૂઘ્ધ હાલની અરજી રજુ કરેલ છે.

૨. હાલની અરજી દાખલ થતાં સામાવાળાઓને ધોરણસર નોટીશ ઈસ્યુ કરવામાં આવેલ છે. આ કામે સામાવાળાઓને નોટીસ બજી જતા સામાવાળા નં.૧ તરફે વિ.વકીલશ્રી ડી.પી.જોષી તથા સામાવાળા નં.૨ તરફે વિ.વકીલશ્રી કે.આર.મદીયાર તથા સામાવાળા નં.૩ તરફે વિ.વકીલશ્રી જી.પી.ખત્રી હાજર થયેલ છે. આ કામે સામાવાળા નં.૧,૨ તરફે કોઈ જવાબ રજુ થયેલ નથી જયારે આ કામે સામાવાળા નં.૩ તરફે આંક-૧૬ થી જવાબ રજુ થયેલ છે જેની વિગતો વંચાણે લીધી.

**અત્રે ઉલ્લેખનીય છે કે,** આ કામે અરજદાર તરફે આંક–૨૭ થી ગુજરનારના વારસોને જોડવા અરજી રજુ કરતા મારા પુરોગામી જજશ્રી ધ્વારા તે અરજી મંજુર કરેલ અને તે રીતે અરજીમાં સુધારો થયેલ છે અને આ કામના સામાવાળા નં.ર તરીકે શ્રીમતી રામીબેન ભીખાભાઈ કોલીને ગણવાના રહેશે.

**૩.** આ કામના ન્યાયીક નિર્ણય અર્થે આંક:૪૦ થી નીચે મુજબ મુદા મુકરર કરવામાં આવેલા છે.:::–

**ISSUES**

1. Whether it is proved that the claimants sustained injuries on account of rachness and negligency on the part of the driver of the vehicle in the accident ?
2. What amount the claimant is entitled by way of compensation and from whom of the opponents ?
3. What Award ?

**૪.** નીચે દર્શાવેલ કારણોસર ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) અંશત:હકારમાં,સામાવાળા નં.૧ થી ૩ નાઓ સંયુકત અને વિભકત રીતે દરેક ચુકવવા હકકદાર બને છે.

(૪) આખરી હુકમ મુજબ.

**પ.** અરજદારએ તેઓની અકસ્માત વળતર અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખીક /દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | અરજદાર હરખીબેન પ્રેમજીભાઈ બગળાનું પુરાવાનું | આંક–૪૧ |

| | | |
|---|---|---|
| | સોગંદનામું અને જુબાની | |
| ૨ | સામાવાળા નં.૨ ના વાહનની આર.સી.બુકની નકલ | આંક–૪૫ |
| ૩ | સામાવાળા નં.૨ ના વાહન નં.જી.જે.૨ એકસ ૧૯૪૦ ની વીમાપોલીસીની નકલ | આંક–૪૬ |
| ૪ | સામાવાળા નં.૧ ના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ | આંક–૪૭ |
| ૫ | સામાવાળા નં.૨ ના વાહનનું પાર્સીંગની નકલ | આંક–૪૮ |
| ૬ | જાણવાજોગ ઉતારાની નકલ | આંક–૫૦ |
| ૭ | એફ.આઈ.આર.ની નકલ | આંક–૫૧ |
| ૮ | સ્થાનિક જગ્યાના પંચનામાની ખરીનકલ | આંક–૫૨ |
| ૯ | અરજદારના એમ.એલ.સીની નકલ | આંક–૫૩ |
| ૧૦ | અરજદારનું કાયમી ખોડ અંગેનું અસલ પ્રમાણપત્ર | આંક–૫૪ |
| ૧૧ | અરજદારના આધારકાર્ડની નકલ | આંક–૫૫ |
| ૧૨ | અરજદારની સારવાર પાછળ થયેલ ખર્ચના અસલ બીલો | આંક–૫૬ |

ત્યારબાદ આ કામે અરજદાર તરફે તથા સામાવાળા નં.૩ તરફે આંક–૫૮થી વધુ કોઈ પુરાવો આપવા માંગતા ન હોઈ, તે મતલબની કલોઝીગ પુરશીશ રજુ કરેલ છે.

**૬.** સામાવાળા નં.૩એ વળતર અરજી સંદર્ભે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | વાહન નં.જી.જે.૦ એકસ ૧૯૪૦ ની વિમાપોલીસીની નકલ | આંક–૫૭ |

જયારે આ કામના સામાવાળા નં.૧,૨ તરફે કોઈ પુરાવો રજુ રાખેલ નથી.આ કામે અરજદાર તરફે આંક–૫૯ થી લેખિત દલીલ રજુ રાખેલ છે જેની વિગતો વંચાણે લીધી અને સામાવાળાઓની મૌખિક દલીલો સાંભળી.

**<u>મુદા નંબર–૧ અને ૨</u> :**

**૭.** આ કામે અરજદાર હરખીબેન પ્રેમજીભાઈ બગળાનું પુરાવાનું સોગંદનામું આંક–૪૧ થી રજુ થયેલ છે જેમા અરજી મુજબની હકીકત જણાવેલ હોય ચર્ચાનું પુનરાવર્તન કરેલ નથી. સદરહુ પુરાવાના એફીડેવીટની સામે સામાવાળા નં.૩ તરફે ઉલટતપાસ થયેલ છે જેમાં અરજદારે એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત

ખરી છે કે, તેણીને થયેલ ઈજા અંગેના સારવારના બીલો આ કામે રજુ કરેલ નથી જે બીલો તેણી પાસે હતા તે તેણીએ રજુ કરેલા છે, બનાવ પહેલા તેણી કડીયાકામની મજુરી કરતા હતા અને મહીને રૂા.૫૦૦૦/– કમાતા હતા તે અંગેનો કોઈ દાખલો તેણીએ રજુ કરેલ નથી, તેણી જે વાહનમાં મુસાફરી કરતા હતા તે વાહન માલવાહક છકડો હતો.સાહેદ જણાવે છે કે, તેણી તેણીનો સામાન લઈને છકડામાં જતી હતી, ડોકટર નાથાણી પાસે સારવાર કરાવેલ હોય તેવો કોઈ આધાર રજુ કરેલ નથી, ડોકટર નાથાણી ધ્વારા આપવામા આવેલ ખોડનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.આ સિવાય વિશેષ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

૮. આ કામે આંક–૫૧ થી રજુ થયેલ એફ.આઈ.આર.ની ટુંકમાં હકીકત જોઈએ તો, તે ફરીયાદી : હરખીબેન પ્રેમજીભાઈ એટલે કે હાલના અરજદારએ તા. ૧૩/૫/૨૦૨૧ ના રોજ એવી ફરીયાદ હકીકત જાહેર કરેલ છે કે, તા.૧૩/૫/૧૧ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યાના અરસામાં રામદેવપીર ચાર રસ્તાથી છાડવારા વાળા રોડ ઉપર આ કામના આરોપી તે સામાવાળા નં.૧ વાળાએ પોતાના કબજાનો છકડો નં. જી.જે.ર એકસ ૧૯૪૦ પુરઝડપે,બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી પલ્ટી ખવડાવી અકસ્માત કરી ફરીયાદીને છાતીના ડાબા ભાગે પાંસડીમાં તથા મોઢા ઉપર તથા શરીરના અન્ય ભાગમાં ગંભીર ઈજાઓ કરેલ.આ અંગેની ફરીયાદ ભચાઉ પો.સ્ટે ફ.ગુ.રજી.નં.–૬૯/૨૦૧૧ થી આઈ.પી.સી.ની કલમ–૨૭૯, ૩૩૭, તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુના નોંધવામાં આવેલ.

૯. આ કામે અરજદાર દવારા રજુ કરવામાં આવેલ ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ આ કામે રજુ થયેલ આંક–૫૧ વાળી એફ.આઈ.આર. તથા આંક–૫૨ વાળા સ્થાનિક જગ્યાના પંચનામાની નકલ વંચાણે લેતા એ હકીકત ર્નિવિવાદ છે કે,તા.૧૩/૦૫/૨૦૧૧ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યા ન । સુમારે રામદેવપીર ચાર રસ્તા છાડવારા ગામ વચ્ચે વાહન છકડો નં. જી.જે.૦૨ એકસ ૧૯૪૦ પલ્ટી ખાઈ ગયેલ છે અને તે અકસ્માતમાં અરજદારને ઈજાઓ થયેલ.અરજદાર તરફે રજુ કરવામાં આવેલ આ કામની આંક–૫૧ વાળી એફ.આઈ.આર ધ્યાને લેતા તેમાં સામાવાળા નં.૧ ની બેદરકારીભર્યા ડ્રાઈવીંગને કારણે અકસ્માત થયેલાની હકીકત જણાવે છે. આ કામે આંક–૫૨ વાળુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું ધ્યાને લેતા આ કામે સામાવાળા નં.૨ વાળાનું વાહન છકડો પલ્ટી ખાઈ ગયેલ તે હકીકત નિર્વિવાદ છે. કાયદાના પ્રસ્થાપિત સિંઘ્ધાત ધ્યાને રાખતા, જયારે અકસ્માતમાં સામાવાળા નં.૧ ની બેદરકારી હોવા સંબધે સામાવાળા નં.૧ વિરૂઘ્ધ પુરાવો રેકર્ડ ઉપર હોઈ, તે હકીકતને ધ્યાને રાખતા આ કામે અકસ્માત કરનાર વાહન નં.જી.જે.૦૨ એકસ ૧૯૪૦ ના ચાલકની બેદરકારી અને ગફલતભરી ડ્રાઈવીગના કારણે થયેલ છે તેમજ મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ ૧૬૬ અન્વયે અરજદારની અરજીમાં પક્ષકારોએ માત્ર સંભવીતતા થી પુરવાર કરવાની હોઈ અને તેના માટે કોઈ ઠોસ પુરાવો રજુ કરવાનો હોતો નથી,તે હકીકતને ઘ્યાનમાં રાખતા, આ ટીબ્યુનલનુ એવુ માનવુ છે કે, અકસ્માત સામાવાળા નં.૧ ની બેદરકારી અને ગફલતભરી ડ્રાઈવીગના

કારણે અકસ્માત થયેલ છે તેથી મુદા નંબર–૧ નો નિર્ણય તે રીતે હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નંબર–૨. :</u>**

**૧૦.** આ કામના સામાવાળા નં.૧ તે વાહન નં. જી.જે.૦૨ એકસ ૧૯૪૦ ના ડ્રાઈવર છે તથા સામાવાળા નં.૨ તે વાહન નં.જી.જે.૦૨ એકસ ૧૯૪૦ ના માલિક છે તેમજ સામાવાળા નં.૩ તે વાહન નં.જી.જે.૦૨ એકસ ૧૯૪૦ ની વિમા કંપની છે તેમજ ઉપર મુદા નં.૧ માં કરેલ ચર્ચા મુજબ સામાવાળા નં.૧ ની બેદરકારીના કારણે હાલનો અકસ્માતનો બનાવ બનેલ હોઈ,તે હકીકતને ઘ્યાને લેતા અકસ્માત સંબંધે વળતર ચુકવવા માટે સામાવાળા નં.૧ થી ૩ સંયુકતપણે અને વિભકત રીતે જવાબદાર હોવાનુ આ ટ્રીબ્યુનલનું માનવુ છે.

**૧૧.** અરજદાર દવારા શારીરીક–માનસિક યાતના સહન કરવી પડેલ તેના માટે રૂા.૨૫,૦૦૦/– તથા મેડીકલ સારવાર ખર્ચના રૂા.૨૫,૦૦૦/– તથા પોષ્ટીક આહાર ખર્ચના રૂા.૨૫,૦૦૦/– તથા એટેડન્ટ ખર્ચના રૂા.૧૫,૦૦૦/– તથા વાહનવ્યવહાર ખર્ચના રૂા.૧૦,૦૦૦/– તથા આજદિન સુધીની ખરેખર આવકની નુકશાનીના રૂા.૧૦,૦૦૦/– તથા ભવિષ્યની કાયમી આવકની નુકશાનીના રૂા.૯,૦૦,૦૦૦/–એમ કૂલ્લે રૂા.૧૦,૧૦,૦૦૦/–નું વળતર મેળવવા હકકદાર હોવાનું જણાવી રૂા.૩,૦૦,૦૦૦/– પુરતો કલેઈમ સીમીત રાખેલ

છે અને તે વળતરની રકમ અરજીની તારીખથી રકમ વસુલ થતા લગી ૧૨% ના દરે થતી વ્યાજની રકમ ખર્ચ સહિતની રકમ સંયુકત રીતે કે પૃથ્થક રીતે ચુકવે તેવો એવોર્ડ કરી આપવા તથા અરજીનું તમામ ખર્ચ ચુકવી આપે તેવો હુકમ કરી આપવા નમ્ર અરજ કરેલ છે.

**<u>ડીસેબ્લીટી:–</u>**

**૧૨.** આ કામે આંક–૫૪ થી અરજદારનું કાયમી ખોડનું નાથાણી ઓર્થોપેડીક હોસ્પિટલે આપેલ સર્ટીફિકેટ રજુ થયેલ છે જે વંચાણે લેવામાં આવે તો તેમાં પાર્સીયલ પરમેન્ટ ડીસેબ્લીટી ૩૫ % દર્શાવેલ છે,પરંતુ અરજદાર તરફે અરજદારને કાયમી ખોડ ૧૪% ગણવામા આવે તો વાંધો નહી હોવાનું જાહેર કરેલ છે. આ કામે સામાવાળા નં.૩ તરફે અરજદારની ઉલટતપાસમાં ડોકટર નાથાણી પાસે સારવાર કરાવેલ હોય તેવો કોઈ આધાર રજુ કરેલ નથી તેવી હકીકત રેકર્ડ પર લાવવામા આવેલ છે,પરંતુ આ કામે અરજદાર તરફે આંક–૫૩થી મેડીકલ સર્ટીફિકેટ રજુ થયેલ છે ત્યારે તેઓને થયેલ ઈજાની સારવાર લીધેલાનુ ફલિત થાય છે અને તે સંજોગોમાં અરજદારનું ખોડ અંગેના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતા અને મેડીકલ જયુરીશ્પૃડંશ અને ખોડ અંગેની જોગવાઈઓને ધ્યાને લેતા અને ડોકટરશ્રીને આ કામે તપાસવામા આવેલ નથી તેથી અરજદારને કાયમી ખોડ ૧૪ % માનવાનું ઉચીત જણાય છે,જેથી અરજદારના શરીરની કાયમી ખોડ ૧૪ % ગણવામાં આવે છે.

**<u>મેડીકલ ખર્ચ–</u>**

**૧૩.** આ કામે અરજદારે તેઓને મેડીકલ ખર્ચ થયેલ હોવાની હકીકત જણાવેલ છે અને તે મેડીકલ ખર્ચ પેટે રૂા ૨૫,૦૦૦/– ની માંગણી કરેલ છે. પરંતુ, આ કામે અરજદારે દવા ખર્ચ કરેલ હોઈ તેવા લેખિત આધારો તરીકે આંક–૫૬ થી રજુ કરેલ છે, જે મુજબ દવા પેટે રૂા. ૫૫૭૦/– નો ખર્ચ કરેલાનુ જણાવેલ છે. આ સિવાય સદરહુ હકીકતના સમર્થનમાં અન્ય કોઈ આધારો રજુ કરેલ ન હોઈ, જેથી અરજદારને **રૂા.૫૫૭૦/–** દવા પેટે આપવામા આવે તો ન્યાયનો હેતુ જળવાશે.

**૧૪.** અરજદારને અકસ્માતને કારણે ભોગવવી પડેલ દુઃખ, ત્રાસ માનસીક યાતનાના વળતર ખર્ચ અંગે **રૂા.૫,૦૦૦/–** આપવાનું ન્યાયીક અને વ્યાજબી જણાય છે.

**<u>આવક:–</u>**

**૧૫.** વધુમા આ કામે અરજદારે તેમની વળતર અરજી તથા પુરાવાનું સોગંદનામામાં તેણી કડીયાકામની મજુરીકામ કરી રૂા. ૫૦૦૦/– માસીક આવક ધરાવતા હોવાનુ જણાવેલ છે,પરંતુ અરજદારની વળતર અરજીમાં સદરહુ હકીકતનાં સમર્થનમાં કોઈ પુરાવો રજુ નથી,જેથી જે તે વખતે માસિક રૂા.૩૦૦૦–૦૦ (નોશનલ ઈન્કમ પ્રમાણે)ગણવામાં આવે તો ન્યાયનું હિત જળવાશે. તેથી અરજદારની અકસ્માત સમયે (નોશનલ ઈન્કમ પ્રમાણે) માસીક આવક રૂા.૩૦૦૦–૦૦ ન્યાયીક અને વ્યાજબી ગણાય છે.

**૧૬.** અરજદારને અકસ્માતને કારણે થયેલ ખરેખર આવકની નુકશાની પેટે અરજદારે રૂા. ૧૦,૦૦૦/– ની માંગણી કરેલ છે, પરંતુ આ કામે અરજદાર તરફે સદરહુ આવક કમાતા હોવા સંબંધે કોઈ ચોકકસ પુરાવો રજુ કરેલ નથી જેથી અરજદાર બે મહિના માટે કામ કરવા માટે અસમર્થ રહેલ હોય તેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ નામ. ટ્રીબ્યુનલ અરજદારને બે માસની ખરેખર આવકની નુકશાની પેટે **રૂા.૬૦૦૦–૦૦** ની રકમ આપવી ન્યાયીક અને વ્યાજબી ગણાય છે.

**<u>વય:–</u>**

**૧૭.** આ કામે અરજદાર તરફે તેમની વળતર અરજીમાં તેઓ અકસ્માત સમયે ૪૦ વર્ષની ઉંમર ધરાવતા હતા તેવુ જણાવેલ છે તે હકીકતના સંદર્ભે રેકર્ડ વંચાણે લેવામાં આવે તો,આ કામે અરજદાર તરફે આંક–૫૫ થી ઉંમરના આધાર અંગે આધારકાર્ડની નકલ રજુ રાખેલ છે જેમાં તેઓની જન્મતારીખ ૧૦/૨/૧૯૭૦ દર્શાવેલ છે જે આધાર મુજબ અકસ્માત સમયે અરજદારની ઉંમર ૪૦ વર્ષ જણાય છે,તે સંજોગોમાં બનાવ સમયે અરજદારની ઉંમર ૪૦ વર્ષની માનવામાં આવે છે.

**૧૮.** ઉપરોકત ચર્ચા કરી તે મુજબ અકસ્માત સમયે અરજદાર વાર્ષીક રૂા.૩૬,૦૦૦–૦૦ કમાતા હોવાનું નામ. ટ્રીબ્યુનલે ઠરાવેલ છે. અકસ્માતને કારણે અરજદારને થયેલ ઈજાઓ સબબ ૧૪ % કાયમી ખોડ રહેલ હોવાનુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ માનવામા આવેલ છે. આ કામે અકસ્માત સમયે અરજદારની ઉંમર નામ. ટ્રીબ્યુનલ ૪૦ વર્ષની ઠરાવેલ છે. તેથી મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૬ એ ના સેકન્ડ શીડયુલ મુજબ અરજદાર ૧૫નો મલ્ટીપ્લાય મેળવવા હકકદાર બને છે, તેથી અરજદારને ૧૫નો મલ્ટીપ્લાયર આપવાનું ન્યાયીક અને વ્યાજબી જણાય છે. અને તેથી અરજદારને ભવિષ્યની આવકમાં થયેલ નુકશાની વાર્ષીક ગણતા (રૂા.૩૬૦૦૦×૧૪%×૧૫) રૂા.૭૫,૬૦૦–૦૦ થાય.આમ

અરજદારને ભવિષ્યની થયેલ આવકની નુકશાની વાર્ષીક રૂ.૭૫,૬૦૦–૦૦ થાય. જેથી અરજદારને થયેલ ઈજાઓ અંગે વાર્ષીક ભવિષ્યની થયેલ નુકશાની રૂ. **૭૫,૬૦૦–૦૦** થયેલ હોવાનું ઠરાવેલ છે.

**૧૯.** આમ, અરજદાર/ઈજા પામનાર વળતરની નીચે જણાવેલ કોષ્ટકમાં જણાવ્યા મુજબ મેળવવા હકકદાર બને છે.

| | |
|---|---|
| રૂ.૫,૦૦૦–૦૦ | પેઈન એન્ડ સફરીંગ અંગે વળતરની રકમ |
| રૂ.૫૫૭૦–૦૦ | સારવાર ખર્ચની રકમ |
| રૂ.૬,૦૦૦–૦૦ | ખરેખર આવકની નુકશાની |
| રૂ.૭૫,૬૦૦–૦૦ | અરજદારને થયેલ ભવિષ્યની આવકની નુકશાની અંગેની વળતરની રકમ |
| **રૂ.૯૨,૧૭૦–૦૦** | **કુલ મળવાપાત્ર વળતરની રકમ.** |

**૨૦.** પ્રવર્તમાન વ્યાજના દરો જોતા, વ્યાજના પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી અરજદારે પોતાની અરજીમાં ૧૨ ટકા વ્યાજની માંગણી કરેલી છે, પણ જે તે સાલમાં પ્રવર્તમાન વ્યાજનો દર ધ્યાનમાં લેવો એ મારી દૃષ્ટિએ યોગ્ય લેખાશે તેમજ આ મુદ્દાસર ઘણા બધા ચુકાદા પ્રકાશિત થયેલા છે, પરંતુ કાયદાકીય પરિસ્થિતિ સર્વોચ્ચ અદાલતે શ્રીમતી કૌશૂન્મા બેગમ વિરૂધ્ધ ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કું, જે. એ.આઈ.આર., ૨૦૦૧ સુ.કો., પાના નં. ૪૮૫ ઉપર પ્રકાશિત થયેલ છે, તેમાં સ્પષ્ટપણે એવું નકકી કર્યુ છે કે, વ્યાજનો દર નવ ટકાથી વધુ હોવો જોઈએ નહીં અને ઉપરોકત નિર્ણય સર્વોચ્ચ અદાલતે તમામ પાસાઓનો વિચાર કરી નિર્ણય લીધેલો છે અને સદર ચુકાદો મને બંધનકર્તા છે તે સંજોગોમાં અરજદાર સદરહુ રકમ અરજી તારીખથી ૮ % લેખે વ્યાજ સહિત વસુલ લેવા હકકદાર થાય છે.

**૨૧.** ઉપરોકત જણાવેલા કારણોસર અને આ કામમાં આવેલ પુરાવા પરથી આ કામના સામાવાળા નં.૧ તે વાહન નં.જી.જે.૦૨ એકસ ૧૯૪૦ ના ડ્રાઈવર

છે તથા સામાવાળા નં.ર તે વાહન નં.જી.જે.૦ર એકસ ૧૯૪૦ ના માલિક છે તેમજ સામાવાળા નં.૩ તે વાહન નં.જી.જે.૦ર એકસ ૧૯૪૦ ની વિમા કંપની છે અને ઉપર કરેલ ચર્ચાની હકીકતોએ અરજદારને થયેલ અકસ્માતમાં સામાવાળા નં.૧ થી ૩ સંયુકત તેમજ વિભકત વિભકત રીતે જવાબદાર ઠરે છે  અને તેથી આ કામના સામાવાળા નં.૧થી ૩ કલેઈમ પીટીશનના અરજદારને અકસ્માત વળતરની રકમ ચૂકવવા જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે અને તેથી અરજદારની હાલની અકસ્માત વળતર મેળવવાની અરજી અંશત: મંજુર કરવાપાત્ર ઠરતી હોઈ, મુદા નંબર–રનો જવાબ અંશત: હકારમાં ઠરાવી,મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧)  આ કામના અરજદાર: **શ્રીમતી હરખીબેન પ્રેમજી બગળા** ઉ.વ.૪૦,ધંધો–મજુરી,રહે.છાડવારા,તા.ભચાઉ,જી.કચ્છવાળાની હાલની અરજી મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ની કલમ––૧૬૬  હેઠળ કરેલ અરજી આથી **અંશત:મંજુર** કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(ર)  આ કામના અરજદારને સામાવાળા નં.૧ થી ૩ નાઓએ સંયુકત અને વિભકત રીતે વળતર પેટે **રૂા.૯ર,૧૭૦/–(અંકે રૂા બાણુ હજાર એકસો સીતેર પુરા)** અરજી તારીખથી વાર્ષિક ૮% વ્યાજ સહિત ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

(૩)  આ  કામના સામાવાળા નં.૧ થી ૩ નાઓએ કલેઈમ કેસની અરજદારને ચૂકવવાપાત્ર થતી અકસ્માત વળતરની રકમ વ્યાજ સહિત આ હુકમની

તારીખથી ૨ (બે) માસમાં આ ટ્રીબ્યુનલની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૪) કોર્ટ ફીની રકમ નિયમ મુજબ કપાત કરવાની રહેશે.

(૫) અરજદારને વળતરની રકમ ચુકવી આપવા અંગેનો હુકમ અલાયદો કરવામા આવે છે.

(૬) પ્રસ્તુત કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો હંસાગૌરી પ્રફુલચંદ્ર લઘાણી અને બીજાઓ વિરુધ્ધ ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ અને અન્યો ૨૦૦૭ જી.એલ.આર. પેઈજ નં.૨૯૧ મુજબનું પાલન ટી.ડી.એસ. અંગે કરવાનું રહેશે.

(૭) હુકમ મુજબ હુકમનામું દોરવું.

:::- હુકમ આજ તારીખ:૨૦મી, માહે: એપ્રિલ સને :૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/-

તા.૨૦/૦૪/૨૦૨૪
ભચાઉ-કચ્છ.

**(પોપટભાઈ તેજાભાઈ પટેલ)**
**એમ.એ.સી.ટી. (ઓકઝી.)**
**ભચાઉ-કચ્છ.**
**કોડ નં. જીજે ૦૦૫૨૮**